dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
January 2015 For private circulation only Vol. 07 - Issue 145-46

શિક્ષણનો અર્થ છે મનુષ્યને જીવનના આ અંતિમ લક્ષ્ય તરફ ઉન્મુખ કરવો, તૈયાર કરવો. આ અંતિમ લક્ષ્યની પ્રાપ્તિ માટે મનુષ્યમાં અનેક પ્રકારના સદ્‌ગુણ હોવા જરૂરી છે. આ સદ્‌ગુણ અચાનક નહીં આવે. તેને માટે પ્રયત્ન કરવા પડશે. આથી આ ગુણોના સંસ્કાર બાળપણથી જ આપણા જીવનમાં ઉતારતા રહેવાની આવશ્યકતા છે.

**શ્રી ગુરૂજી**

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

ભારતીય શિક્ષણ મંડળ અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે પ્રબોધન શિબિર યોજવામાં આવ્યો. ત્રણ દિવસીય ચાલેલા આ શિબિરમાં ભારતના બધા જ વિસ્તારોમાંથી બસ્સો કરતા વધારેની સંખ્યામાં શિક્ષણચિંતકો ઉપસ્થિત રહયા ને શિક્ષણને કેન્દ્રમાં રાખીને પોતાના વિચારો રજૂ કર્યા. આ શિબિરની વિશેષતા એ હતી કે, રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના સરકાર્યવાહ આદરણીય ભૈયાજી જોશીએ "વિકસિત ભારત કે લિયે શિક્ષા નીતિ"- વિષય પર પોતાના અનુભવરસિત વિચારો વ્યાખ્યાનરૂપે મૂકયાં.મને લાગે છે કે એ આપની સાથે વહેંચવા જોઈએ.

વ્યાખ્યાન આરંભે વિકસિત શબ્દની વિવિધ અર્થચ્છાયાઓ અને વ્યાપક અર્થમાં કઈ વ્યાખ્યાઓ થઈ રહી છે તેની મર્મપૂર્ણ વાત ભૈયાજીએ મુકી. એમણે કહયું કે, જે રીતે વિશ્વ આજે વિકાસનો અર્થ કરે છે એ બરાબર છે. પરિપૂર્ણ છે..? કોને વિકાસ માનવો...? જે વિકસિત દેશો છે એને જો આધાર માનીએ તો લાગે કે વિકાસની અવધારણામાં જ દોષ છે. ત્રૃટિ છે. હું માનું છું કે ત્રણ ચાર માપદંડો ધ્યાનમાં રાખીને દુનિયાના દેશો વિકાસનું આકલન કરે છે. એક તો, સમ્પન્નત્તા. જો આને જ માપદંડ માનીએ તો ભારત બહુ પછાત છે. અને જે આ માપંદડો પર ખરા ઉતર્યા છે એમનું પરિદ્રષ્ય સમજવા જેવું છે. ભૌતિક સંપન્નતા એ આ દેશોના માપદંડ છે. પણ, આપણે ત્યાં બીજી પણ માન્યતા છે. એ દેશોનો સમાજ કેવો છે...? ઘણા મિત્રો વિદેશોમાં જાય છે. ત્યાં ઘણા લોકોને મળતા રહે છે. એમણે પોતાનો દ્રષ્ટિકોણ રાખતા કહયું કે દુનિયાના દેશોમાં, ભારતમાં છે એવા વ્યકિતત્વો બીજે કયાંય નથી. અને જો માણસાઈના માપદંડથી જોવા જઈએ તો ભારત એમનાથી માઈલો આગળ છે. અહીંનો સમાજ, અહીંનું સમાજજીવન સમૃધ્ધ રહયું છે. આ સમૃધ્ધિની પરિભાષા જુદી છે.

આપણો સમાજવ્યવહાર કેવો છે...? આ સમાજ વિશ્વના માનવસમાજ છે...? આ સમાજ વિશ્વના માનવસમાજને કેવો સંદેશ આપનારો સમાજ છે...? આપણો ઈતિહાસ બતાવે છે કે, વિશ્વની બંધુતાનો સંદેશ લઈને આપણા વિદ્વાનો દુનિયાના દેશોમાં ગયા છે. આખાય વિશ્વને સશકત બનાવવાના ઈરાદાથી આપણા વિદ્વાનો વિશ્વના દેશોમાં ગયા છે. શસ્ત્ર લઈને અહીંથી કોઈ નથી ગયું. એ આપણો ઈતિહાસ છે. અનેક વિષમ પરિસ્થિતિઓમાં વિશ્વના અનેક ભૂ-ભાગોમાં ગયા કેવળ મનુષ્યને મનુષ્ય બનાવવાના ઉદ્દેશથી ગયા. માણસને માણસ બનાવવાની શીખ જો કોઈએ આપી હોય તો એ ભારત જ છે. આપણે કયારેય ભીખ માંગવા કે કશુંય માંગવા કયારેય નથી ગયા. એટલે આ વાત વિશ્વને ખબર હોવી જોઈએ. અને જો ન હોય તો એ આપણી ફરજ છે કે એ વાત આપણે જણાવીએ. એ આપણી પેઢીની ફરજ છે.

વિકાસનું સાચું મોડેલ આ છે. આ આપણું મોડેલ છે.

બીજી બાબત જોઈએ. આપણે સામાન્ય વ્યકિતને નીરક્ષર માનવામાં આવે છે. આપણા સંતોનો ઈતિહાસ જોઈએ તો કયા સંત યુનિવર્સિટીમાં ભણવા ગયા છે...? કોણ ડિગ્રીધારી હતા...? આજે એમના સાહિત્ય પર, એમના વિચારો પર અનેક લોકો પીએચ.ડી. કરે છે...!! ભારતની આ પરંપરા રહી છે. કોઈ ઔપચારિક અભ્યાસથી પર જઈને ચિંતન કરવાવાળા આ સમાજના વ્યકિતઓ છે. જો શિક્ષણનું કામ સામાન્ય વ્યવહાર શીખવવાનું હોય તો પાછો પ્રશ્ન આવે કે આપણે કુશળ બનાવવા છે કે એકબીજા વ્યકિત સાથેના વ્યવહારમાં સંવેદનશીલ બનાવવા છે. આપણે આત્મભાવ સાથે ઊભા રહેનારાં નાગરિક જોઈએ છે કે ભાષણ આપવામાં, ચતુરાઈ કરનારાં વ્યકિતઓ જોઈએ છે...? ભારતીય વ્યકિત ચતુર ઓછો હોય તો ચાલશે, સંવેદનહીન નહીં ચાલે. આપણો સામાન્યમાં સામાન્ય માનવી પણ વધુ પડતો સંવેદનશીલ વ્યવહાર કરે છે તેમ આને વિકાસનો માપદંડ માનો છો કે નહીં -એ પશ્ન છે.

મને લાગે છે કે, આપણી સામે જે સમૃધ્ધ પરંપરાની વિરાસત છે એને જાળવવી, વિકસાવવી એ જ આજની શિક્ષણ વ્યવસ્થાની મોટી જરૂરિયાત છે. અને ચેલેન્જ પણ આ જ છે. આમ કરવું એટલે વિકસીત ભારતને પ્રસ્તુત કરવું. એમ માનું છું.

કયારેક સમાજની શકિત અને વ્યકિતની શકિતમાં જુદાપણું જોવા મળે છે. પણ સમાજની શકિત એ જ હોય છે જે વ્યકિતાઓની શકિત છે. હા, એ ખરું કે, કેટલાક વ્યકિતઓની દોષપૂર્ણ હોય. બધી જ વ્યકતિ સારી હોય એવું તો હોતું નથી. દુર્ભાગ્યે ત્યાં જે વચ્ચેના સમયમાં કમી આવી-એ વિશે વિચારવું જોઈએ. એ કમી બાબતે વિચારવું મહત્વપૂર્ણ બાબત છે.

આજનું આપણું વૈયકિતક જીવન શ્રેષ્ઠ છે પણ સામુહિક જીવનમાં અનેક દુર્બળતાઓ પ્રવેશી છે. એને દૂર કરવી પડશે. કેમ કે વ્યકિતઓની શકિતઓ ભેગી થઈને પછી દેશ - એમ શકિતની ઓળખ થતી હોય છે. આપણી સામે જાપાન અને ઈઝરાયલ જેવા દેશો છે. એ આજે કેમ અનુકરણીય લાગે છે...? કેમ કે, એનો એકેએક નાગરિક દેશ માટે, પુરુષાર્થ કરે છે. મથે છે. ત્યાંના વ્યકિતઓએ સાથે પુરુષાર્થ કરીને દેશની એક વિશિષ્ટ છબિ તૈયાર કરી છે. એમના વૈયકિતક જીવનમાં કયાંક દોષ હશે પણ સમુહજીવન તરીકે તો એમણે વિશ્વને ઉદાહરણ પૂરું પાડયું છે. એક ઈઝરાઈલનો સૈનિક હાથમાં રાયફલ લઈને ઊભો હતો. એને કોઈ પૂછે છે - તારી ડાબે, તારી જમણે, તારી આગળ અને તારી પાછળ બધે જ આરબો છે દુશ્મનરૂપે, તારું શું થશે...? ત્યારે પેલો સૈનિક કહે : ભગવાન એની રક્ષા કરે. કેમ કે, હું ગમે ત્યાં ગોળી છોડીશ. મરવાનું તો એમને જ છે.!! આવા વ્યકિતત્વોથી બનેલો સમાજ વિશ્વ સામે કોઈક આદર્શ રજૂ કરે છે.

જો વિશ્વને ય પોતાના માર્ગ પર ચાલવા મજબૂર કરે તો એ

એક માપદંડ છે. અને એ રીતનો વિચાર શિક્ષણ વ્યવસ્થામાં થવો ઘટે.

શિક્ષણ લઈને પણ અકર્તવ્ય કરનારાં વ્યકિતઓ સર્જાય તો...? ધર્મયુકત વ્યકિત ન સર્જાય તો...? ધર્મનો અર્થ છે-પ્રમાણિક, કર્તવ્યપરાયણ, ઉચિત-અનુચિત સમજનારો. આવા વ્યકિતઓ આજની શિક્ષણ વ્યવસ્થામાંથી જન્મે છે ખરા...? આજે વર્તમાનપત્રોમાં સતત વાંચીએ છીએ, પીડા થાય છે. ઉચ્ચ શિક્ષણ લીધેલા લોકો જ્યારે સમાજ સાથે દ્રોહ કરનારાં નીકળે, ભ્રષ્ટ આચરણ કરનારાં નીકળે, દેશ સાથે ગદ્દારી કરનારાં નીકળે ત્યારે એને શિક્ષિત ગણવા કે નહીં એ પ્રશ્ન છે. નીરક્ષરો એવા નથી હોતા. ભણેલા-ગણેલા લોકો વધારે ગદ્દાર નીવડે છે એ આજની શિક્ષણવ્યવસ્થાની ખામી છે.

વૈદકીય ક્ષેત્રમાં જે પ્રકારનો અનુભવ કરીએ છીએ, બધા જ પ્રકારનું વૈદકીય શિક્ષણ પ્રાપ્ત કરેલા, અને એ દરમ્યિાન-મારા જીવનનો ઉદ્દેશ શું ...? મારે કેવી રીતે સેવા કરવાની છે...? એની સમજણ આપવામાં આવી જ હોય છે...!!! પ્રતિજ્ઞાઓ લેવડાવવામાં આવી હોય છે...! તેમ છતાં જ્યારે એ ઠાલા શબ્દમાત્ર રહી જાય. એ દર્દીઓનું શોષણ કરે, અત્યાચાર કરે... તો ડિગ્રીને જ માપદંડ કેમ ગણવી એ પ્રશ્ન ઊભો થાય. આજના શિક્ષણની આ મોટી કમી છે એટલે વ્યકિતને વ્યકિત બનાવવાની શિક્ષા આજની મોટી જરૂરિયાત છે.

આપણા તો વારસામાં જ કહેવાયું છે કે જે ધર્મનિષ્ઠ લોકો છે એના માર્ગે ચાલો. એમનું અનુકરણ શ્રેષ્ઠ માન્યું. એમાં દુર્બલતા નથી. નકલ નથી. દોષ નથી. એને અહોભાગ્ય સમજવામાં આવ્યું છે. મહાજનોયન ગતસ્ય પન્થાઃ એ કહેવાયું છે. જેને સમાજ શ્રેષ્ઠ માને છે, આદર્શ માને છે. એની પાછળ હું જઈશ. એવો સંકેત માનવીને અપાયો છે. અયોગ્ય વર્તન કરનારાને અધર્મી કહેવામાં આવ્યો છે. પોતાના દાયિત્વને સમજે એ ધાર્મિક વ્યકિત. બીજુ કંઈ નહીં. કર્મકાંડ ને પૂજા પાઠ એ જ ધર્મ થોડો છે. એ તો સૂક્ષ્મ વિચારનું પ્રગટ રૂપમાત્ર છે. ઉચિત-અનુચિતનો અર્થ જો ન સમજાવી શકે તો એ શિક્ષણનો કોઈ અર્થ નથી. એટલે ભારતની વર્તમાન શિક્ષણ વ્યવસ્થામાં જો કોઈ સુધારવું હોય તો એ કેવળ ઈન્ફોર્મેશન કેન્દ્રી રીત નહીં, પણ જ્ઞાનનું મહત્વ થાય. વિઝડમનું મહત્વ થાય. આપણે વ્યકિતને જ્ઞાનકેન્દ્રી બનાવવો છે. માહિતીકેન્દ્રી નહીં. જાણકારીનું મહત્વ ઓછું નથી. આપણે ત્યાં કહેવાયું છે કે, કે પરિવારના હિતની વાત હોય ત્યાં સ્વનું હિત છોડો. ગામનું હિત હોય ત્યાં પરિવારનું હિત છોડો, દેશના હિત માટે ગામનું હિત ત્યાગો. અરે, એનાથીય આગળ કહ્યું કે, જો મોક્ષ માટે મથતા હો, જો જીવનરહસ્ય માટે મથતા હો તો આખા ય જગતને છોડી દો. આ આપણી પરંપરા છે. વિકાસની આ આપણી પરિભાષા છે. કદાચ અત્યારે આ વાતને માનતું નથી પણ આપણે એમના સુધી પણ આ વાત પહોંચાડવાની છે. એ ભારતનું દાયત્વિ છે. આપણું દાયત્વિ છે.

'બહજન હિતાય, બહુજન સુખાય'થી પણ આગળ વિચારાયું છે. 'સર્વજન હિતાય, સર્વજન સુખાય'-પેલા બહુજનમાં તો ટૂંકી દ્રષ્ટિ છે. અલ્પ લોકો માટેના સુખનો વિચાર છે. સર્વના જીવન માટેની હિતની વાત આપણે સમજવાની છે. સમજાવવાની છે. આપણા વિચારકોએ કહયું છે કે બીજાના દુઃખો ઓછા કરવા, એટલું જ નહીં, એને દુઃખ જન્મે જ નહીં એ માટે જાગૃત રહેવાની વાત કરી છે. મારા કારણે અન્યને કોઈ કષ્ટ ન થાય એવું વિચારનારાં વ્યકિતઓ તૈયાર કરવા... આપણે કયારેય કોઈને કષ્ટ આપનારાં નથી. અને એટલે જ ભારતીય સમાજમાં સદગુણી, સંનિષ્ઠ વ્યકિતઓનું સન્માન થયું છે. સમ્પન્નતા હશે બીજા પાસે પણ પ્રતિષ્ઠા તો સદગુણીની જ થાય છે. રાવણ પાસે કઈ સંપત્તિ નહોતી..?, કે એને શ્રેષ્ઠ માની શકાય. અને રામ પાસે એવા કયા સાધનો હતા કે એને નમન કરવા પડે...? એ વિચારવા જેવું છે. જે ગુણયુકત છે, સદગુણી છે, સજ્જન છે એને જ ભારતીયો નમન કરતા આવ્યા છે. બાકી થતાં નમન મજબૂરીથી થતા હોય છે.

નૈતિક મૂલ્યોનું જીવનમાં મહત્વનું સ્થાન છે. અને આપણે એનું જ સન્માન કરતા આવ્યા છીએ. પણ છેલ્લા અઢીસો-ત્રણસો વર્ષમાં અંગ્રેજોએ ષડયંત્રો કર્યા છે. અંગ્રેજોના જમાનામાં આ બધી જ અસ્મિતાને ખલાસ કરવાના પ્રયાસ થયા છે. એમની શિક્ષણ વ્યવસ્થાને એટલી મજબૂત રીતે જમાવવાની કોશીષ કરી કે વારંવાર આપણે કહેવું પડયું કે, કાળા અંગ્રેજ પેદા થયા આ વ્યવસ્થાથી. મેકોલે એવી વ્યવસ્થા સર્જી કે ક્રમશઃ ભારતીય પરંપરાગત શિક્ષણ વ્યવસ્થાના કેન્દ્રો ખતમ થતા ગયા. અને એના લીધે સામાન્ય વ્યકિત શિક્ષણથી વંચિત થયો. અને શિક્ષણ કેવળ સંપન્ન વર્ગમાં સિમિત થઈ ગયું. કેમ કે, ઈંગ્લેન્ડની પધ્ધતિ આવી જ રહી છે. એજ પધ્ધતિ અહીં લાગુ કરી. એકમાત્ર ઉદ્દેશ હતો કે, આપણે જો આ દેશમાં સત્તા ચલાવવી હશે તો સત્તા ચલાવવા વાળા જ લોકો તૈયાર કરો. બસ આ જ વિચારને અંકુરિત કરવા એમના કાલખંડમાં શિક્ષણ અપાયું. આપણી વ્યવસ્થા નષ્ઠ કરીને અંગ્રેજોની પોતાની વ્યવસ્થા સ્થાપિત કરવામાં એમને સો વર્ષ લાગ્યા. ૧૭૫૭ થી ૧૮૫૭ના સો વર્ષોમાં એમણે આ શિક્ષણ વ્યવસ્થા સ્થાપિત કરી. દેશના બુધ્ધિજીવી વર્ગને સંભ્રમમાં નાંખી દીધો. આત્મવિશ્વાસ ખતમ કરી નાંખ્યો એમનો. આત્મસન્માનની ભાવના સમાપ્ત થઈ. અંગ્રજ આપણા ભગવાન છે એવું માનનારાં તૈયાર થતાં ગયા. જડમાં જ વ્યવસ્થાને દુષિત કરી. આત્મવિશ્વાસ ખતમ થયો. એ વિચારતા હતા કે ભવિષ્યમાં દેશનું નેતૃત્વ કરનારાં આમાંથી જ નીકળવાના છે. તો વ્યવસ્થાના જડમાં જ એવા દુષણો દાખલ કરી દો. આજે પણ, આટલા વર્ષો વિત્યા પછી પણ ૭૦ જેટલા વર્ષો વિતી ગયા પછી પણ એ સમયની બીમારીઓ આજેય દેખાય છે. ઠીક છે ૧૯૪૮ પછી થોડા પ્રયત્નો થયા. પણ એ પૂરતા નહોતા.

એમણે અહીંની બધી જ વ્યવસ્થાઓ, ગુરુકૂળની વ્યવસ્થા, આપણે ત્યાં પ્રધાન કલાસનો વિદ્યાર્થી નીચેના વર્ગમાં ભણતા વિદ્યાર્થીઓને ભણાવતો. એ રીતે ઘરે ઘરમાં આ વ્યવસ્થા ચાલતી. શિક્ષણ અપાતું. દુર્ભાગ્યે આજે શિક્ષણ એક વ્યવસાય બની ગયો. શિક્ષણ આજે વ્યાપાર બની ગયો છે. એક ઉદ્યોગ જેટલી આવક એમાંથી મેળવાય છે. આ વિકૃતિ છે. એટલે એ બીજ અંગ્રેજોએ વાવ્યું ને સો વર્ષમાં વૃક્ષ બની ગયું. આપણી બધીજ વ્યવસ્થા ભૂંસીને કેન્દ્રિકરણ વાળી શિક્ષણ વ્યવસ્થા આવી. એનાથી આપણી જે ભારતભરમાં વિવિધતા વાળી વ્યવસ્થા હતી તે નષ્ટ પામી. દુર્ભાગ્યે ૧૯૪૮માં આપણી સરકાર આવી પછી પણ જેવું પરિવર્તન કરવું જોઈતું હતું એવું કરવામાં ન આવ્યું. વિચારવા જેવું છે.

અત્યારે જે પ્રસ્થાપતિ પરંપરા છે એને તોડવી એટલી સહેલી નથી એ હું જાણું છું. પણ પ્રયત્નો તો થવા જોઈએ. બધું સરકાર ન કરી શકે. એ સમજવું જરૂરી છે. સરકાર પોતે એક મોટી શકિત છે, આ લોકતંત્રમાં. એમાં એનો પોતાનો એક અધિકાર છે. પણ, શિક્ષણ દ્વારા એક સમાજનિર્માણની વાત હોય તો દુઃખ સાથે એ કહેવું પડે છે કે એક પણ દેશમાં એવી સરકાર નથી જે શિક્ષણ દ્વારા સમાજનિર્માણની દિશામાં વિચારતી હોય. હા, સરકાર વ્યવસ્થા પૂરી પાડે છે. ભૌતિક સાધનો પૂરા પાડે છે. અને એ કરતી પણ રહી છે.

પણ પૂરતી નથી. એટલે જ આપણે એકત્ર થયા છીએ. ભારતીય પરંપરાઓના મહત્વના, મૂલ્યવાન તત્વો હતા ને એના નાશ માટે જે જે વ્યવસ્થાઓ ઊભી કરી અંગ્રેજોએ, એ વ્યવસ્થાઓને મૂળમાંથી કાઢવાની આવશ્યકતા છે.

ગઈ સદીના મહાપુરુષોના વચનો વાંચીએ તો પણ સમજાશે કે એ કહી રહયાં છે કે દેશમાં એક એવી શકિત પડેલી છે. એ શકિતનું આહવાન કરો. એ શકિત પ્રત્યે તેઓ આશ્વસ્થ છે. આટલી ગુલામીના કાળખંડમાં પણ આ મહાપુરુષો કહે છે. સ્વામી વિવેકાનંદ કહે છે કે, હું મારી આંખોથી જોઈ શકું છું કે ભારત વિશ્વને માર્ગદર્શન કરવાવાળો દેશ છે. આ વાણીને સત્ય સાબિત કરવાનું દાયિત્વ આપણા સૌનું છે. સિધ્ધ કરવું પડશે.

આપણે આપણી શકિતઓને ઓળખવી પડશે. આપણે ભયગ્રસ્ત રહયાં છીએ. અસત્યને તર્કબધ્ધતાને કારણે સત્ય માનતા થઈ ગયા છીએ. અસત્યનો આધાર લઈને ચાલતા થયા છીએ. આ આપણી સામેની મોટી બાધાઓ છે. સત્ય સામે રાખવામાં આવે, આત્મવિશ્વાસથી સામે રાખવામાં આવે. અજ્ઞાનના પડળોને દૂર કરવામાં આવે-વિશ્વગુરૂ બનવા સક્ષમ છીએ. આ બાધાઓ દૂર કરવાની ચૂનૌતીઓ છે આપણી સામે.

અરે, અજ્ઞાન તો આપણા વિશે છે. આપણી શ્રેષ્ઠતા બાબતે અજ્ઞાન છે. કદાચ આખી દુનિયા વિશે જાણતા હોઈશું પણ સ્વયં બાબતે નહીં આ મોટી સમસ્યા છે.

પણ ક્રમશઃ આપણાં મૂળને, આપણી વિચારસરણીને સમજવાની વૃત્તિમાં વધારો થઈ રહેલો જોઈને આશા બળવાન થાય છે. એ આશા હકીકતમાં ફેરવાય તે માટે વિવિધ સંગઠનો, વિશ્વવિદ્યાલયો, સરકારી અને વ્યકિતગત ધોરણે પ્રયત્નો વધતા જાય તે જરૂરી છે. અને એમ થશે તો જ દેશમાં પરિવર્તન આવશે.

જો ભારતનું વિકસિત રૂપ આપણે જોવા માંગતા હોઈએ તો પાઠયક્રમમાં ચારિત્રસંપન્નતા પર ભાર દેવાય. ચારિત્ર્ય નિર્માણ પર ભાર દેવાય, અહીંનો સમાજ સુસંસ્કૃત બની રહે એની ચિંતા કરીએ. હા. સારો ડ્રેસ પહેરવો, સારા વાળ ઓળવા ને સારી ભાષા બોલવા માત્રથી સુસંસ્કૃત ન ગણવા. આંતરિક વ્યકતિત્વ પર કેન્દ્રિત થવું. બાકી એવા બાહય દેખાવના સુસંસ્કૃતો પણ ચોરી, ભ્રષ્ટાચાર કરતા પકડાય છે. આવી બાહય સંસ્કૃતતા ખપતી નથી.

શું અહીંના શિક્ષણથી વ્યકિત પુરુષાર્થકેન્દ્રી બને એમ છે...? ધૈર્ય રાખવાવાળો બનશે ? સાહસિક બનશે ? નિર્ભય બનશે ? શું એ અન્યાયની વિરુધ્ધ બોલવાવાળો બનશે ? શું એ દૂર્બળ લોકોની રક્ષા માટે ઊભો રહેશે ? જો આવું કરનારાં વ્યકિતત્વો તૈયાર થાય તો જ વિકસિત રાષ્ટ્રની કલ્પના કરી શકીએ. આ ભારતના વિકાસની કલ્પના છે. સંપન્નતાથી પરહેજ નથી. પણ આંતરિક ગુણો વિનાની સંપન્નતાનો કશો અર્થ નથી.

ગયા ૬૦ વર્ષો જોઈએ તો આપણો દેશ કેટલાક ક્ષેત્રોમાં ખાસ્સો આગળ વધ્યો છે. સોફટવેરના ક્ષેત્રમાં આપણા યુવાનોની માંગ છે દુનિયામાં, ઈન્ફોર્મેશન ટેકનોલોજીમાં, દેશમાં મોટા મોટા ઉદ્યોગો સ્થપાયા છે, એ રીતે કેટલીક બાબતોમાં આપણે દુનિયા સામે ઊભા રહેવા સક્ષમ થયા છીએ. વૈદકીય ક્ષેત્રમાં આપણે આગળ ગયા છીએ. વિશ્વની સામે ટક્કર ઉભા રહી શકીએ એવી કેટલીક શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપી શકયા છીએ. ઉલટી ગંગા શરુ થઈ છે પાછી. બહારના દેશોમાંથી આપણે ત્યાં અભ્યાસ કરવા આવતાં થયા છે યુવાનો. શ્રેષ્ઠ ચિકિત્સા વ્યવસ્થા ભારતમાં ઊભી થવા લાગી છે. સસ્તી પણ છે. સારી છે. આટલા પ્રદુષિત વાતાવરણમાં પછી પણ પ્રામાણિકતાથી કામ કરવાવાળા લોકો છે. જેના લીધે વૈદકીય ક્ષેત્રમાં આપણી પ્રતિષ્ઠા, પ્રતિમા વિશ્વના નકશા પર બની રહી છે. કંઈ નથી એવું નથી.

રમત ગમતના ક્ષેત્રમાં વિશ્વનાથન આનંદ જેવા વ્યકિતઓ છે. સૌને પ્રિય એવા સચિન તેંડુલકર જેવા રમતવીરોએ ક્રિકેટ વિશ્વમાં નામના મેળવી છે. મનોરંજન ક્ષેત્રમાં સ્વસ્થ મનોરંજનની વ્યવસ્થા ભારતમાં થઈ છે. દુનિયા આજે ભારતીય સંગીત સાંભળવા માગે છે. કયારેક અન્ન માટે બીજા દેશો પર નિર્ભર હતા. આજે ભારત સ્વાવલંબી થયો છે. એવી કંઈ કેટલી વાતો કહી શકીએ કે ૬૦ વર્ષોમાં-ભારતે જરૂર નકકર દિશા પકડી છે. પરંતુ એક વિચારવાની જરૂર છે કે આ બધી બાબતોથી ભારતના કેટલા લાકોને લાભ થયો.

આજે આ દેશના, જો હું ખોટું ન માનતો હોઉં તો સમાજનો વીસ ટકા હિસ્સો જ આવી સુપર ફેસિલિટીથી લાભાન્વિત છે. એંસી ટકા હજી પણ નિમ્ન સ્તરની વ્યવસ્થા પર જ આધારિત છે. ચિકિત્સા જેવા આવશ્યક ક્ષેત્રમાં પણ. એ વેદનાની વાત છે. વિશ્વ વિખ્યાત શૈક્ષણિક સંસ્થા ઊભી થઈ છે એવા આ દેશમાં આજે પણ પ્રાથમિક શિક્ષણથી વંચિત એવા ૩૦ કરોડ કરતાંય વધારે વ્યકિતઓ છે. આજે પણ ગ્રામીણ ક્ષેત્રમાં બહુ જ મોટી માત્રામાં, આંકડા બતાવે છે કે ૫૦ ટકા વિદ્યાલયો એવા છે જ્યાં બે વર્ગો વચ્ચે એક જ શિક્ષક નિયુકત હોય. સ્વાસ્થ્યના ક્ષેત્રમાં રિસર્ચની વ્યવસ્થાઓ સરસ બની શકે છે પણ સામાન્ય વનવાસી અને અંતરિયાળ ગામોમાં રહેવાવાળા માટે ઉધરસની ગોળી પણ સદ્ય ઉપલબ્ધ નથી...!

જ્યારે મેં કહયું કે, અનાજની બાબતે સ્વાવલંબી બન્યા એ જ દેશમાં કેટલાય ક્ષેત્ર એવા છે જ્યાં કુપોષણથી બાળકોનું મૃત્યુ થાય છે. આ દ્રશ્યને સમજવાની આવશ્યકતા રહે. શું ભવિષ્યમાં આ સ્થિતિમાં બદલાવ આવશે કે નહીં ? આવી રીતે વિચારવાવાળા યુવકો, આવા જનસામાન્યની વેદના દિલમાં લઈને ઊભો રહે એવો યુવક આ શિક્ષણ વ્યવસ્થામાંથી તૈયાર થાય એમ છે-એક બાજુ સમાધાન કરનારી વાત છે તો બીજી બાજુ પીડા દેનારું દ્રશ્ય છે. આ બંને બાબતોને જોવાની જરૂર છે.

અગર ભૌતિક વિકાસની વાત કરીએ તો શું લાગે છે ? મને ચાર બાબતો દેખાય છે. પૂંજી જોઈએ. ભૂમિગત સંસાધનો જોઈએ. ઈન્ફ્રાસ્ટ્રકચર જોઈએ અને કુશળતા જોઈએ. સદનસીબે ભારતમાં આ એકેયની કમી નથી. જે દિવસે ભારતની બધી જ વ્યવસ્થાઓ નિર્ણય કરશે, ભારતના પોતાના જ આ વિકલ્પોને નજરમાં રાખીને નિર્ણય કરશે તો કશું જ ઓછું નહી હોય. ભારતમાં પર્યાપ્ત પૂંજી છે. કાળુનાણું પાછું ભારતમાં આવી જાય તો. કયાં ઓછું છે. ભૂમિગત સંસાધનો પર્યાપ્ત માત્રામાં અહીં છે. ઝારખંડ, ઓરિસ્સા, છત્તિસગઢ જેવા પછાત ગણાતા રાજ્યોની ભૂમિ હેઠળ એટલો કોલસો પડેલો છે કે આવનારાં કેટલાય વર્ષો ભારતને એ ઉર્જા પૂરી પાડે. જૂદા જૂદા ખનિજ ઉપલબ્ધ છે. આ દેશની ભૌગોલિક રચના એવી છે કે કંઈ કેટલાય પ્રકારના જળઆધારિત વિજળી કેન્દ્રો રચી શકીએ. વિકસીત થઈ શકીએ એટલી પ્રાકૃતિક ચીજો છે. એ પ્રકૃતિનું વરદાન છે. તો સંસાધનોની કમી નથી. અને કુશળતા બાબતે તો શું કહું. અહીં તો કંઈ કેટલાય પ્રકારની કુશળતાઓ સહજ ઉપલબ્ધ છે. અભણ પણ સારું ગેરેજ ચલાવે છે. આપે હરિયાણામાં જોયું હશે કે એક વાહન ચાલે છે ત્યાં એને ટ્રેકટર કહેવું કે ટ્રક- એ ખબર ન પડે. એને જુગાડ કહે છે. એ ત્યાંની ટેકનિક છે. આવા બુધ્ધિમાન લોકો અહીં છે. સૌરાષ્ટ્રમાં છકડો ચાલે છે. ભારતમાં એ બીજે કયાંય નથી. અહીં છે.

એ કોણે શીખવ્યું. કુશળતા તો છે. અવકાશ મળે ત્યાં કુશળતા પ્રગટ થાય છે. એટલે કુશળતાની કમી નથી. બુદ્ધિમાનોની કમી નથી. સંસાધનોની કમી નથી. પૂંજી લગાવી શકે એવા પૂંજીપતિઓની પણ કમી નથી. તો વિકાસનો માર્ગ કંઇ બહુ કઠિન નથી. એમ કહી શકું. પણ,

આવશ્યક શું છે- મેં કહયું એમ અંગ્રેજોની શિક્ષણ પધ્ધતિના કારણે એમણે આ દેશનું નેતૃત્વ કેવું હશે એનો વિચાર કરીને આ પધ્ધતિમાં બીજારોપણ કર્યુ છે. એ તંત્રનો ઉપયોગ કરીને ફરી એકવાર આપણે મજબૂત બીજારોપણ કરવું પડશે. જેમાં ભવિષ્યનું નેતૃત્વ તૈયાર થાય. આજે આપણી પાસે તક છે. એટલે આરંભ કરવો પડશે કે આજે જે પ્રાથમિક શિક્ષણ લઈ રહયો છે જે માધ્યમિક શિક્ષણ લઈ રહયો છે એ બાળકને આપણે કેવું શિક્ષણ આપવું છે. ભવિષ્યનું નેતૃત્વ એમાંથી જ તૈયાર થવાનું છે. નિર્ણય કરવાની જરૂર છે કે દેશનો નેતા કેવો હોવો જોઈએ. દેશનો બુધ્ધિમાનવર્ગ કેવો હશે આ દેશમાં. ચિંતન કરીને એવો પાઠયક્રમ બનશે આ દેશમાં... આદર્શ જીવન જીવવાવાળા વ્યકિતઓને શું ફરી સમાજમાં સન્માનનું સ્થાન મળશે.

આ દેશનું દુર્ભાગ્ય એવું બની ગયું છે કે સજ્જનોને દુર્બળ માનવામાં આવે છે. સદ્ગુણોને દુર્બળ માનવામાં આવે છે. દેશની પીડા છે. એ આવશ્યક છે કે વર્તમાનને બદલવા માટે સાહસ જોઈએ, ધૈર્ય જોઈએ, પ્રમાણિકતા જોઈએ, પ્રયોગશીલતા જોઈએ, પરિશ્રમ જોઈએ. આવી પ્રેરણા કોણ આપશે... શું બે-ચાર વ્યકિત સારા બનવાથી દેશ સારો બની જશે...? જ્યાં સુધી સામાન્ય વ્યકિતઓનું સ્તર ઊંચું નહીં આવે ત્યાં સુધી કેવળ બે-ચાર સારા લોકોથી કામ પૂરૂં થશે નહીં. ભાઈઓ, આ તરફ ધ્યાન આપવાની જરૂર છે કે, શું શિક્ષણક્ષેત્રમાં આવનારાં ભવિષ્યમાં જેવા જોઈએ એવા સદ્ગુણોથી યુકત, પરિશ્રમ કરવાની ઈચ્છાવાળા, કુશળતાનો સમાજ માટે ઉપયોગ કરવાની માનસિકતાવાળા જેવા સંસ્કારોથી યુકત આવનારી પેઢી બનશે કે નહીં એ પ્રશ્નનો ઉત્તર આપણે શોધવાનો છે.

ભવિષ્ય માટે સંકલ્પ લઈને ચાલવું પડશે. આ ભૂમિકા, આ વિચારો લઈને આપણે ચાલવાનું છે. તો હું કહીશ કે આજે ફરી એકવાર સંસ્કારોનું રોપણ થાય, પરિશ્રમ કરવાની માનસિકતામાં વૃધ્ધિ થાય, પ્રામાણિકતા જીવનનું લક્ષ્ય બને, જીવન સિધ્ધાંત બને, આત્મવિશ્વાસથી ઊભેલા યુવાનને જીવન મૂલ્યોથી એ પ્રભાવિત હોય. આ પ્રકારની શિક્ષણવ્યવસ્થા કયારેક આ દેશમાં હતી. ત્યારે જ ભારત ગૌરવશાળી રહયું હતું. અંગ્રેજોને કારણ માનવું ઠીક નથી. આક્રાંતાઓને દોષ આપવો ઠીક નથી. દોષ તો આપણો સ્વીકારવો પડે કે આપણે કેટલીયે વાતો પ્રત્યે અનદેખી કરી છે. આપણા વિદ્વાનોએ , આ દેશનું નેતૃત્વ કરનારાઓ અનદેખી કરી છે. એને સમજવાની આવશ્યકતા રહેશે. આપણે શિક્ષણ સંસ્થાઓ, આચાર્યો, અધ્યાપકો વિશે ફરી વિચારવાની જરૂર પડી છે. આવી શ્રેષ્ઠ વાતો માટે જનસામાન્યમાં કયાંક ને કયાંક જે આકર્ષણ છે એ આકર્ષણને રસ્તો મળતો જાય, સરસ જીવન જીવવાની આશા જાગૃત રહે એ માટેની સશકત વ્યવસ્થા નિર્માણ કરવી પડશે. પછી જ કલ્પના કરી શકીએ કે આવનારા દિવસોમાં ભવિષ્યમાં આજ પેઢીમાંથી નેતૃત્વ કરવાવાળા નેતા મળે.

આજે ચર્ચા ચાલે છે કે ૨૦૨૦માં ભારત સુપરપાવર હશે. વ્યવહારિક જીવનમાં પણ જોઈએ છીએ કે બાળકને જન્મવા માટે નવ માસનો સમય લાગે છે. તો મજબૂત ભારતના જન્મ માટે દસ વર્ષ તો લાગે જ ને. ચમત્કાર નથી થવાનો કે ૩૧ ડિસેમ્બર ૨૦૧૯ની રાતે સુઈએ ત્યારે દુર્બળ હોઇએ ન ૨૦૨૦ની સવારે સુપર પાવર થઈ જઈએ. એવું માનીને ન ચાલી શકીએ. પ્રમાણિકતાથી વિચારનારાં, પરંપરાને સમજીને વિચારનારાઓ કહે છે કે ભારતે સુપર-પાવર નહીં પણ સુપર-રાષ્ટ્ર બનવાનું છે. અને એની પાયાની ઈંટ આ વિદ્યાલયોમાં જ નાંખવાની છે.'

ભૈયાજી જોશીના આ વકતવ્યમાં આવતી કાલનો રણકો સ્પષ્ટ સંભળાય છે. પૂર્ણાહૂતિ પ્રસંગે માન.શ્રી અનિરૂધ્ધ દેશપાંડેજીએ જણાવ્યું હતું કે શિક્ષણનું કામ વિવેક જાગૃત કરવાનું છે. વિવેકશૂન્ય જ્ઞાન એકડા વિનાના મીંડા જેવું છે. વર્તમાન શિક્ષણે આજના માણસને આત્મકેન્દ્રી બનાવી દીધો છે. તેના પાર એમણે ચિંતા વ્યકત કરતા કહયું કે આત્મકેન્દ્રી પશુ હોય છે. માણસ નહીં. જે બીજા માટે નથી વિચારતા તેવા પશુમાત્ર. ગાંધીજીને ટાંકીને એમણે કહયું હતું કે, શિક્ષણ મનુષ્યનું ત્રીજું નેત્ર છે. આજે એ શકિતનો વિલય થયો છે. નવી રીતે વિચારીને ગોઠવાયેલી શિક્ષણ વ્યવસ્થા દ્વારા આપણે ભારતીયોમાં ત્રીજું નેત્ર ઉઘાડી શકીએ ખરાં...? આ બાબતે ચિંતન કરવાની જરૂર છે.

શિક્ષણ માનસરોવર છે. એ સ્વચ્છ રહે તે આપણાં સૌની જવાબદારી છે. આ અને આવા ચિંતન દ્વારા સતત શિક્ષણ વિશે ચર્ચાવિચારણા થાય જેથી માનસરોવર થીજી નથી ગયું તેનો અહેસાસ અને સંતોષ આપણને થાય.

૩૦ જાન્યુઆરી, ૨૦૧૫ — ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## મોસમ-સૂરગુલાબી

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક બાબતોના વિભાગ (ગુજરાત રાજ્ય) તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના સંયુકત ઉપક્રમે કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર, કુલસચિવશ્રી ડૉ. જે. આર. મહેતા, તથા શ્રી ભાગ્યેશ જહા (સચિવશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર) અને સૌ ગણમાન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં તા. ૧૪/૧૨/૧૪ના રોજ રાત્રે ૮:૩૦ કલાકે યુનિવર્સિટીના કન્વેન્શન હોલમાં ''મોસમ-સૂરગુલાબી'' શિયાળના વસાણા જેવી આપણી ભાષાના સદાબહાર ગીતોને માણવાનો રસસભર કાર્યક્રમ યોજાઈ ગયો.

કાર્યક્રમના ઉદ્દ્ઘાટન પ્રસંગે કુલપતિશ્રીએ સૌ મહેમાનોનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે ''રમતગમત, યુવા અને સાંસ્કૃતિક બાબતોના વિભાગ, ગાંધીનગર અને આપણી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે શિયાળાના વસાણા જેવી આપણી ભાષાના સદાબહાર ગીતાનો રસથાળ આપણા માટે લઈને અમો સૌ આવ્યા છીએ. આમ તો મોસમ ફૂલગુલાબી હોય પણ આજની સાંજ અને મોસમ આપણે સૌએ સાથે મળીને સૂરગુલાબી કરવાની છે. મને રાજીપો એ બાબતનો છે કે મને ખુબ ગમતા મિત્રો મારી જમણી અને ડાબી બાજુએ છે. આમ હોદ્દાની રીતે અને બીજી બધી રીતે આદરણીય પણ એ બધી જ રીતોને બાજુ પર મૂકી દઈએ તો પછી એકદમ આત્મીય, આપણા સચિવ, સાહિત્યકાર કવિ શ્રી ભાગ્યેશ જહા આ મંચ ઉપર ઉપસ્થિત છે અને ડાબી બાજુએ ભાઈશ્રી અંકિત પ્રિય મિત્ર અને એની સાથે આખી ટીમ ઉપસ્થિત છે ત્યારે આપણે સૌ ગમતાનો ગુલાલ કરીએ. આ શિયાળાની ઠંડી, ઢળતી રીતે આપણને હૂંફ આપે, ઉષ્મા આપે એવા ગીતો, આપણી ભાષાના ગીતા

`આપણે સાથે મળીને સાંભળીએ એ માટેનો એક નાનો ઉપક્રમ આજે યોજયો છે. હું વિભાગ અને યુનિવર્સિટી આ બન્ને વતીથી હૃદયપૂર્વક આપનું સ્વાગત કરું છું.''

આ કાર્યક્રમમાં કુ. હેમાલી વ્યાસ, શ્રી દિવ્યાંગ અંજારીયા, કુ. શ્રધ્ધા શ્રીધરાણી, શ્રી સૌનક પંડયા દ્વારા ગુજરાતી ગીતોની અદભુત પ્રસ્તુતિ કરવામાં આવી હતી. જ્યારે કાર્યક્રમનું સંચાલન શ્રી અંકિત ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમ્યાન કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરની ઉપસ્થિતિમાં શ્રી ભાગ્યેશ જહા દ્વારા યુનિવર્સિટીના ગુજરાતી ભાષાભવનના દાતાશ્રી હિતેશ પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું.











## સ્વામી વિવેકાનંદ જયંતિ



સ્વામી વિવેકાનંદની જન્મજયંતી નિમિત્તે યુનિવર્સિટી પરિસરમાં શ્રી વિવેકાનંના મંદિરના પ્રાંગણમાં કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરની અધ્યક્ષતામાં વિવિધ વિભાગના અધ્યક્ષશ્રીઓ, સેનેટ-સિન્ડિકેટના સભ્યશ્રીઓ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા હતા. કુલસચિવશ્રી ડૉ. જે. આર. મહેતા સહિત યુનિવર્સિટીના અધિકારીશ્રીઓની હાજરી પણ પ્રોત્સાહક બની હતી.

વિદ્યાર્થીઓએ મંદિરના પ્રાંગણમાં ભારત રાષ્ટ્રના રંગોળીથી દોરેલી નકશા પર સુશોભિત કરેલા દીવડાઓ મૂકી નયનરમ્ય દ્રશ્ય ખડું કર્યું હતું. આરતી વંદના સાથે પુષ્પહાર અર્પણ કરવામાં સૌ સામેલ થયા હતા.

આ નિમિત્તે કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરે વિદ્યાર્થીઓને સાંપ્રત સમયમાં સ્વામી વિવેકાનંદજીના જીવનમાંથી પ્રેરણા લેવા ઉદબોધન કર્યું હતું. સ્વામીજીએ વિશ્વને સાંસ્કૃતિક તેમજ આધ્યાત્મિક જીવનનો અભિનવ સંદેશ આપ્યો છે. નવી પેઢીએ સર્વાંગી વિકાસ કરવો હોય અને મનુષ્યતાના રચનાત્મક વિકાસમાં સહભાગી થવું હોય તો સ્વામીજીના સંદેશને જીવનમાં અવતારવો રહયો, વિવેકાનંદજીની જન્મજયંતીએ વિદ્યાર્થીઓની ઉત્સાહપ્રેરક હાજરી સંદર્ભે કુલપતિશ્રીએ પ્રસન્નતા વ્યકત કરી હતી.









## પુસ્તક રસાસ્વાદ



ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન વિભાગના ઉપક્રમે તા. ૧૦/૧/૧૫ના રોજ યુનિવર્સિટી ગ્રંથાલયમાં Library and Information Science Students Association-(LISSA) ના ઉપક્રમે સુરતના શ્રી નરેશભાઈ કાપડીયા દ્વારા સ્ટીફન કોવીના પુસ્તક " 7 Habits of Highly Effective Pepole" નો રસાસ્વાદ કરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે સિન્ડિકેટ સભ્યશ્રી સંજયભાઈ દેસાઈએ પોતાના ઉદબોધનમાં યુનિવર્સિટી ગ્રંથાલયની આ નવીન પ્રણાલી વિષે સંતોષ વ્યકત કરીને વિદ્યાર્થીઓને એક ઉમદા અને કર્તવ્યનિષ્ઠ ગ્રંથપાલ બનો તેવા આર્શીવાદ પાઠવ્યા હતા. વધુમાં આ કાર્યક્રમમાં 'લીસા'ના ફાઉન્ડર શ્રી બી.જે.અંકુયા, લીસા ના કો-ફાઉન્ડર શ્રી શૈલેષભાઈ પટેલ તથા શ્રી કુ.પારૂલ પટેલ, બેચલર ઓફ લાયબ્રેરી એન્ડ ઈનફરમેશન સાયન્સ કો-ઓર્ડિનેટર અને 'લીસા'ના પ્રમુખ પ્રા. સોનલબેન દેસાઈ, વાઈસ-પ્રેસિડેન્ટ પ્રા.જે.એમ.અગ્રવાલ, સેક્રેટરી પીન્ટુ પટેલ, જાઈન્ટ સેક્રેટરી નીલેષ સોલંકી અને ગ્રંથાલયશાસ્ત્રના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા હતા.

## ગૌરવ



રાજીવ ગાંધી ખેલ અભિયાન ઓપન ઓલ ઈન્ડિયા એથલેટીકસ (બહેનો)ની સ્પર્ધા ઉડુપી, કર્ણાટક મુકામે યોજાઈ હતી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ચીખલીની કુ. સરિતા ગાયકવાડે ૨૦૦ મીટર રર્નીંગ ૨૫:૫ સેકન્ડ અને ૪૦૦ મીટર રર્નીંગમાં ૫૫:૦૫ સેકન્ડમાં કરી સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. ઉપરોકત સિધ્ધિ બદલ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર, કુલસચિવશ્રી જે. આર. મહેતા, બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી કિરીટસિંહ વાંસદીયા અને યુનિવર્સિટીના નિયામકશ્રી પોલ ડેવિડ તેમજ બોર્ડ ઓફ સ્પોર્ટસના સભ્યોશ્રીઓએ આ સફળતા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

## સ્વચ્છતા અભિયાન







# કોલેજ ન્યૂઝ





તા. ૨ ઓક્ટોબર ૨૦૧૪ના ગાંધી જ્યંતી ભારત ભરમાં તા. ૨૫/૯/૧૪ દરમ્યાન રાષ્ટ્રીય સેવા યોજના એકમ ગુજરાતી વિભાગ દ્વારા "સ્વચ્છ ભારત-સમૃદ્ધ ભારત" કાર્યક્રમમાં NSS એકમ દ્વારા નિંબધ સ્પર્ધા અને સૂત્ર લેખન સ્પર્ધા યોજાયેલી તેમાં રાષ્ટ્રીય સેવા યોજના એકમના કુલ ૧૦૦ સ્વયં સેવક ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. સવારે ૧૦ કલાકે "સ્વચ્છ ભારત - સમૃદ્ધ ભારત" કાર્યક્રમ હેઠળ સ્વચ્છતા અભિયાનની જાગૃતી માટે રેલી યોજવામાં આવી હતી. આ રેલીને કુલપતિ શ્રી ડૉ. દક્ષેશ ઠાકરે પ્રસ્થાન કરાવી હતી સાથોસાથ ડૉ. જગદીશ ગુર્જર, ડૉ. એ. એન. માલવિયા ડૉ. રાકેશ દેસાઈ તથા કુલસચિવશ્રી ડૉ. જે. આર. મહેતા ઉપસ્થિત હતા ત્યારબાદ સ્વયં સેવકોએ યુનિવર્સિટીના મુખ્ય કાર્યાલય સવાણી રીસર્ચ સેન્ટર યુનિવર્સિટી સેન્ટ્રલ લાયબ્રેરી અને હ્યુમેનિટી વિભાગની આસપાસના કુલ ૫૦૦ મિટર એરિયામાંથી લીલુ ઘાસ અને ઝાડી ઝાંખરા અને સુકા કચરાની સફાઈ કરી હતી સફાઈ કાર્ય પૂર્ણ થયા પછી કુલસચિવશ્રી ડૉ. જે.આર. મહેતાએ સ્વચ્છ ભારત મિશનની શપથ લેવડાવી હતી અને સૌ ઉપસ્થિત સ્વયં સેવકોએ સફાઈ માટે પ્રતિબદ્ધતા બતાવી હતી. આ સાથે કાર્યક્રર્મને સફળ બનાવવા માટે ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. જગદીશ ગુર્જર તથા વિભાગના અધ્યાપકોએ સક્રિય ભાગ લઈ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

## પ્રજાસત્તાક પર્વ



## એન.એસ.એસ.

- શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડમાં એન.એસ.એસ.ના ઉપક્રમે તા. ૧/૧૨/૧૪ના રોજ એઈડઝ અવેરનેસ વિષય પર આર્ટસ કોલેજ, વલસાડના પ્રો.ઓ.ડૉ.અનિલભાઈ પટેલનું વ્યાખ્યાન યોજાઈ ગયું. જેમાં વકતાશ્રીએ એઈડસની વિસ્તૃત માહિતી આપી હતી. તેમજ વિદ્યાર્થીઓને આ રોગ વિશેનું સાહિત્ય પણ આપવામાં આવ્યું હતું. પ્રો.ઓ.ડૉ.દક્ષા ઠાકોરે વકતાશ્રીનો પરિચય આપીને પુસ્તકથી આવકાર આપ્યો હતો. તા. ૭/૧૨ થી ૧૩/૧૨/૧૪ દરમ્યાન એન.એસ.એસ.ની વાર્ષિક શિબિર બુનિયાદી પ્રાથમિક શાળા, ફલધરા મુકામે યોજાઈ ગયો. જેનું ઉદઘાટન તાલુકા વિકાસ અધિકારીશ્રી જી. એસ. ગામિતે કર્યુ હતું. આ પ્રસંગે વિવિધ મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમનું સંચાલન કુ. કલ્યાણીએ કર્યુ હતું. મહેમાનોને શાબ્દિક આવકાર પ્રા.વી.આર.ચાંપાનેરીએ આપ્યો હતો. શિબિરના કાર્યક્રમોની રૂપરેખા ડૉ. દક્ષા ઠાકેરે આપી હતી. અને આભારવિધિ પ્રા.એમ.એ.મુલ્લાએ કરી હતી. આ શિબિર દરમ્યાન તા. ૮/૧૨/૧૪ના રોજ ગામના લોકો માટે 'પશુપાલન અને ખેતી વિષયક માર્ગદર્શન શિબિર' નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કૃષિવિજ્ઞાન કેન્દ્ર, નવસારીના ડૉ. તિંબોળિયાએ ખેતીના પાકોનું વાવેતર અને વધુ પાક અંગે માહિતી આપી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. દક્ષા ઠાકોરે કર્યુ હતું. તા. ૯/૧૨/૧૪ના રોજ યોજાયેલ ફ્રી મેડીકલ કેમ્પમાં ડૉ. જયસિંહ પરમાર, ડૉ. પીનેશ મોદી, ડૉ. મનીષ મોદી, ડૉ. વિરાગ દમણીયા દ્વારા વિવિધ રોગોની તપાસ કરવામાં આવી હતી. તદપરાંત ડોકટરોએ વિવિધ રોગોની જાણકારી અને શરીરના કાળજી માટેની સમજણ આપી હતી. તથા જનજાગૃત્તિ અભિયાન હેઠળ પર્યાવરણ બચાવો, સ્ત્રી સાક્ષરતા. બેટી બચાવો, મતદાન, દેહ દાન, ચક્ષુદાન, સ્વચ્છતા, એઈડઝ જાગૃતિ, ગ્રાહક જાગૃતિ, સૂર્યશકિત વપરાશ, પ્રદુષણ ઘટાડો, પોલિયો નાબુદી, નશાબંધી જેવા વિષયો પર વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની પુરક કામગીરી પ્રા.એમ.એ.મુલ્લા અને પ્રા.વી.આર.ચાંપાનેરીએ સંભાળી હતી. તા. ૧૦/૧૫/૧૪ના રોજ સાયબર સિકયુરીટી અને ઈ-કોમર્સ'પર પ્રા. સ્નેહલ જોષીએ વિષયને સુસંગત વ્યાપક માહિતી આપી હતી. પ્રા. કૃપા વ્યાસે મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ વિષે માહિતી આપી હતી. કાર્યક્રમનું આયોજન અને વ્યવસ્થા ડૉ. દક્ષા ઠાકોરે કરી હતી. જ્યારે પુરક કામગીરી પ્રા.વી.આર.ચાંપાનેરી તથા પ્રા. એમ. એ. મુલ્લાએ કરી હતી. એન.એસ.એસ. વાર્ષિક શિબિર દરમ્યાન ફલધરા ગામે તા. ૧૧/૧૨/૧૪ના રોજ શિબિરાર્થીઓ તથા ગામની શાળાના ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષા માર્ગદર્શન શિબિર યોજવામાં આવ્યો હતો. જેમાં નરેન્દ્રસિંહ ઠાકોરે પરીક્ષાની પૂર્વ તૈયારી, પરીક્ષાની પધ્ધતિ તથા મમરી ટેકનીક વિષે વિસ્તૃત જાણકારી આપી હતી. કાર્યક્રમનું સંચાલન અને વ્યવસ્થા ડૉ. દક્ષા ઠાકોરે સંભાળી હતી. જ્યારે પૂરક કામગીરી પ્રા. એમ.એ. મુલ્લા અને પ્રા. વી.આર. ચાંપાનેરીએ સંભાળી હતી.
- ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા જુનાગઢ-ગિરનાર ખાતે તા. ૧૦/૧૨/૧૪ થી તા. ૧૯/૧૨/૧૪ દરમિયાન યુવા સાહસ શિબિર (પર્વતારોહણ-ટ્રકિંગ માટે) યોજવામાં આવ્યો હતો. જેમાં એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાના 3 વિદ્યાર્થીઓ અને 3 વિદ્યાર્થિનીઓ ભાગ લીધો હતો.

## વાંચન વિશેષ

**પ્રજાવત્સલ રાજવી.**

ગંભીરસિંહ ગોહિલ.

ભાવનગર:રાજવી પ્રકાશન, પુનર્મુદ્રણ, ફેબ્રુઆરી, ૨૦૧૩. પૃ.૫૭૬.

રૂા. ૬૦૦

આ જીવનચરિત્રના લેખક સાહિત્યના અભ્યાસી, સંશોધક, બાળવાર્તાના લેખક, અધ્યાપક, આચાર્ય, ગુજરાત રાજ્યશાળા પાઠયપુસ્તક મંડળના ચેરમેન (૧૯૯૬-૯૮), ગુજરાત રાજ્ય કોલેજ આચાર્ય મહામંડળના પ્રમુખ(૧૯૯૦-૯૪) હતા.

આ જીવનચરિત્ર એક અનોખા રાજવીના જીવનનો અંતરંગ અભ્યાસ છે. ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજી એક ઉત્તમ રાજવીથીય વિશેષ મોટા ગજાના માનવી હતા. તેમની પ્રજાવત્સલના સહિતના વિવિધ ગુણો, જીવનપ્રસંગો અને અપાર માનવ-ભાવનાઓનું દર્શન અહીં એક સાથે પ્રસ્તુત થાય છે. તેમાં તેમના જીવનની માત્ર વિગતો જ નથી. તેમનાં મનન, ચિંતન અને મનોમંથનોની પણ ઝાંખી મળે છે. આ લોકપ્રિય રાજવીને લોકો વર્ષો સુધી વિશેષપણે યાદ કરતા રહે તેવી રજૂઆત થઈ છે. મહારાજા કૃષ્ણકુમારસિંહજી કહે છેઃ મારે રાજ્ય જોઈતું નથી, સુખવૈભવ કે પુનર્જન્મની ઈચ્છા નથી. હું તો ઈચ્છું એટલું જ કે મારી પ્રજાનાં દુઃખદર્દો દૂર થાય.

લેખક પ્રસ્તાવનામાં કહે છે કેઃ સાહિત્યના એક વિશિષ્ટ રસપ્રદેશ તરીકે જીવનકથાનું મને આકર્ષણ રહેલું છે. આંદ્રે મોર્વાનું કવિ શૈલી વિશેનું Ariel મને ખૂબ ગમેલું, જે નવલકથાના સ્વરૂપનું છે. જ્યારે જેમ્સ બોઝવેલનું The Life of Samuel Johnson હકીકતલક્ષી છે. મારે આ બંને વચ્ચેનો રસ્તો શોધવો હતો. મહારાજા કૃષ્ણકુમારસિંહજીનું જીવનચરિત્ર પ્રજાવત્સલ રાજવી પુષ્કળ સંશોધન કરીને મેં તૈયાર કર્યું અને તે સાથે તેને રસપ્રદ બનાવવાનો પણ પ્રયત્ન કર્યો... મહારાજાના જીવનચરિત્રના આલેખન દરમ્યાન તેમના ભર્યાભર્યા જીવનમાંથી, અનેકરંગી રસવિશ્વમાંથી પસાર થવાનું બન્યું તેને હું મારા જીવનની વિશિષ્ટ ઉપલબ્ધિ ગણું છું. મહારાજા માત્ર રાજવી હોત કે મારે માત્ર તેમના રાજવી તરીકેના કાર્યને જ આલેખવાનું હોત તો મારું કામ ઘણું સહેલું બની જાત. પરંતુ મહારાજા કૃણકુમારસિંહજી રાજવી હોવા ઉપરાંત જીવનનાં અનકે પાસાંઓને ઉજાગર કરનાર બહુઆયામી મહાનુભાવ હતા. તેમના જીવનને મેં જેટલું આલેખ્યું છે તેનાથી જ જતું કરવું પડયું હશે તે ઘણું વધારે હોવાનો સંભવ છે.

આ ગ્રંથમાં મહારાજા કૃષ્ણકુમારસિંહજી : વંશવૃક્ષ, તેમના પૂર્વજો, બિરલા હાઉસમાં બાપુની બેઠક, જૂનો દરબારગઢ, રાજકુમાર કોલેજ, રાજકોટ બાર્ટન લાઈબ્રેરી, ૧૯૦૨માં સ્થપાયેલી દરબાર બેંકનું ઉદઘાટન, દક્ષિણામૂર્તિ, વિવિધ પ્રસિધ્ધ વ્યકિતઓના ફોટોગ્રાફસ ઉપરાંત જેવા કંઈ કેટલાય વિવિધ અલભ્ય ફોટોગ્રાફસ, આ જીવનચરિત્રને રસપ્રદ તેમજ નયનરમ્ય બનાવે છે. રાષ્ટ્રપિતા સાથેની મહારાજાની મુલાકાત સમયે પોતાના રાજયને દેશને ચરણે ધરી દેવાની વાત આપણા મનમાં રાષ્ટ્રપ્રેમને પ્રજવલિત કરે છે. રાષ્ટ્રપિતા સાથેનો એક સંવાદ : દુનિયાના સંજાગો જોતાં જણાય છે આવી રીતે સત્તા પકડીને બેસી રહેવાથી સત્તા, લાભ કે યશ કશું મળવાનું નથી. મળે તોપણ તે સારું તો નથી. દેશનું અહિત કરીને મેળવવું કે રાખવું તેનો અર્થ શો? એટલે જ મારી ચિંતા એ છે કે દેશની એકતા ટકી રહે તે માટે શું કરવું જોઈએ? મારે કેવો ભોગ આપવો જાઈએ જેથી આ અટકે ? આ માટેના પ્રયાસો મેં શરૂ કરી દીધા છે.

આ ગ્રંથને શ્રી મોરારિ બાપુ, સ્વામી રાજર્ષિ મુનિ, ગુણવંત શાહ, ડૉ. ધીરુભાઈ ઠાકર, રાધેશ્યામ શર્મા, ડૉ. ધનવંત શાહ, દિનકર જોશી, ડંકેશ ઓઝા, તખ્તસિંહજી પરમાર, આચાર્ય શીલચંદ્રસુરીશ્વરાજી મહારાજ, ડૉ.કેશુભાઈ દેસાઈ, યશવંત મહેતા, નરોત્તમ પલાણ, દીપક મહેતા, ડૉ. કલા શાહ, ડંકેશ ઓઝા, મનોજ શુકલ, સુધાકર શાહ, ડૉ.ર.છો.મારુ વગેરેએ વધાવ્યો છે. શ્રી મોરારિ બાપુ આ ગ્રંથ વિષે કહે છે : સારો અને સાચો સદગ્રંથ. શ્રી તખ્તસિંહજી પરમાર કહે છે : વિશ્વનાથ મ. ભટના 'વીર નર્મદ' અને વિજયરાય વૈદ્યના 'શુક્રતારક' માફક આ ગ્રંથ પણ સ્મરણીય રહેશે.

આ ગ્રંથ યુનિવર્સિટી ગ્રંથાલયમાં ઉમલબ્ધ છે. જેનું રસપાન કરવું જરૂરી છે.

ડૉ. જે.આર. મહેતા
કુલસચિવ


VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. B J Ankuya, Assistant Librarian**

**Published by : Dr. J R Mehta, Registrar**

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com